# Oasis

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનુ ત્રિમાસિક મુખપત્ર
અંક-૭૭ : એપ્રિલ-જૂન ૨૦૨૧

## તંત્રીસ્થાનેથી . . .

**સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો**

**અમદાવાદ ચેપ્ટર**

૧. શ્રીમતી પ્રિતીબેન અદાણી
૨. શ્રી પી. કે. લહેરી
૩. શ્રી હેમંતભાઈ શાહ
૪. પદ્મશ્રી ડો. કુમારપાલ દેસાઈ
૫. શ્રી રશ્મિકાન્તભાઈ શાહ
૬. શ્રી રમેશભાઈ પટેલ
૭. શ્રીમતી જયશ્રીબેન મહેતા
૮. શ્રી શુભાંગભાઈ શાહ
૯. ડો. વી. એન. શાહ
૧૦. શ્રી નિલેશભાઈ દેસાઈ
૧૧. શ્રી ભરતભાઈ મોદી
૧૨. શ્રીમતી રેખાબેન ચોના

**વડોદરા ચેપ્ટર**

૧. રાજમાતા શુભાંગીની રાજે ગાયકવાડ
૨. શ્રી કરણ ગ્રોવર
૩. શ્રી મહેશભાઈ શાહ
૪. શ્રી જાલ પટેલ
૫. શ્રી યોગેશભાઈ વેલાણી
૬. શ્રી મધુભાઈ મહેતા
૭. શ્રી કુંજલભાઈ પટેલ
૮. શ્રી રોહિતભાઈ પરીખ

**સુરત ચેપ્ટર**

૧. શ્રી શરદભાઈ કાપડિયા
૨. શ્રી આઈ. જે. દેસાઈ
૩. શ્રી રજનીકાંતભાઈ કે. મારફતિયા
૪. શ્રી રાજેન્દ્રભાઈ ચોખાવાલા
૫. ડો. શ્રીમતી મીનાબેન માંડલેવાલા
૬. ડો. પ્રફુલભાઈ શિરોયા
૭. શ્રી ભરતભાઈ શાહ
૮. શ્રી રોહિતભાઈ મહેતા
૯. શ્રી કમલેશભાઈ યાજ્ઞિક
૧૦. શ્રી પ્રદીપભાઈ કલકત્તાવાલા
૧૧. કુ. જીજ્ઞાસાબેન ત્રિવેદી
૧૨. ડો. પ્રદિપભાઈ અટોદરીયા

**પ્રિય મિત્રો,**

નમસ્કાર !

આપ સૌ આપના પરિવાર સાથે સ્વસ્થ અને કુશળ હશો તેવી મારી અભ્યર્થના છે.

સમગ્ર ભારતમાં કોરોનાની બીજી લહેર નહીં પરંતુ સુનામી આવી હતી, જીવનમાં જેની કલ્પના પણ નહોતી કરી તેવા દ્રશ્યો જોવા પડ્યા, લોકોએ પોતાના પ્રિયજનોને ગુમાવ્યા જેની ખોટ ક્યારેય પૂરી શકાય તેમ નથી. આ સાથે બીજી લહેરે આપણા જીવનચક્ર અને દેશની અર્થવ્યવસ્થાને પણ હચમચાવી દીધી. લોકોના નોકરી ધંધા પર વિપરીત અસર પડી અને મોટી સંખ્યામાં લોકો બેરોજગાર બન્યા. આ બધી નકારાત્મક પરિસ્થિતિમાં જે રીતે દેશમાં રસીકરણ અભિયાન ચાલી રહ્યું છે તે જોતાં આપણા સૌનું જીવન પૂર્વવત થશે તેવી આશા વ્યક્ત કરું છું. આ સમય દરમ્યાન પોતાનો જીવ જોખમમાં મૂકીને લોકોના જીવ બચાવનાર સૌ "કોરોના વોરિયર્સ" ને હું હૃદયથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

આ વિપરીત પરિસ્થિતિમાં પણ કિડનીના રોગોનું પ્રમાણ ઘટે અને કિડનીના દર્દીઓનું જીવન બચાવવા અને વધુ સારું જીવન આપવા માટે અમે પ્રતિબદ્ધ છીએ. આવા દર્દીઓ તેમના જીવનને સુંદર રીતે માણી શકે તે માટે જરૂરી સુવિધાઓ તેમને મળી રહે એ માટે અમારા પ્રયાસો સતત ચાલુ રહેશે.

આ ઉપરાંત સંસ્થા દ્વારા ચલાવવામાં આવતા 'સેવ અ લાઈફ' કાર્યક્રમ અંતર્ગત આ ત્રિમાસિક ગાળામાં ડાયાલિસીસ અને કિડની પ્રત્યારોપણ કરાવેલા ૫૩ જરૂરિયાતમંદ દર્દીઓને દવાઓ તેમજ ડાયાલિસીસની સારવાર માટે ઉપયોગમાં લેવાતી કીટ (ડાયલાઈઝર અને બ્લડટ્યુબિન) તથા A.V Fistula ઓપરેશન માટે રૂ. ૧,૫૫,૭૧૨/- ની સહાય કરવામાં આવી છે. અહિ હું શ્રી રશ્મિકાંતભાઈ આર. શાહ અને નારાયણ પાવરટેક પ્રા. લિમિટેડનો આભાર માનું છું કે આવી મહામારીના સમયમાં પણ તેમના તરફથી અનુદાન મળી રહ્યું છે અને આ અનુદાન થકી અમે કિડનીના જરૂરિયાતમંદ દર્દીઓને સહાય કરી રહ્યા છીએ.

સંસ્થા દ્વારા કોવિડ-૧૯ દરમિયાન ક્રિષ્ના સાર્વજનિક હોસ્પિટલ, હિંમતનગર ખાતે ચલાવવામાં આવતા ડાયાલિસીસ સેન્ટરમાં સારવાર માટે આવતા દર્દીઓને સમયસર અને ગુણવત્તાસભર ડાયાલિસીસની સારવાર આપવામાં આવી રહી છે તેમજ સેન્ટરમાં કિડનીના દર્દીઓને દાદર ચઢવામાં તકલીફ ના પડે તે માટે સંસ્થા દ્વારા લિફ્ટની વ્યવસ્થા ઉભી કરાવવામાં આવી છે. હું આપ સૌને પણ આ અભિયાનમાં શક્ય એટલી મદદ કરવાની અપીલ કરું છું.

ક્રોનિક કિડની નિષ્ફળતા (CRF) એ Silent Killer છે. તેના કોઈ ચોક્કસ લક્ષણ દેખાતા નથી. આથી જો વહેલું નિદાન કરવામાં આવે તો કિડની નિષ્ફળ થતી અટકાવી શકાય છે. સંસ્થા દ્વારા ચલાવવામાં આવતા કિડની જાગૃતિ અભિયાનના ભાગરૂપે સમાજના લોકોને કિડની વિષેની સચોટ અને વૈજ્ઞાનિક માહિતી પહોંચાડવાની કામગીરી તો કરે જ છે પરંતુ આપણે સૌ જાણીએ છીએ કે ડાયાબિટીસ અને હાઈબ્લડપ્રેશરની યોગ્ય સારવાર ન કરવામાં આવે તો તે કિડનીને મોટુ નુકશાન પહોચાડી શકે છે. જેથી સંસ્થા દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં વિના મૂલ્યે બીપી-ડાયાબિટીસ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ સાથે મારી સંવેદના વ્યક્ત કરતા, આપ સૌને ખૂબ જ દુઃખ સાથે જણાવવાનુ કે સુરત ચેપ્ટરના સલાહકાર સમિતિના સભ્ય શ્રી જીતેન્દ્રભાઈ દાલીયા તા. ૪ એપ્રિલ, ૨૦૨૧ ના રોજ દેવલોક પામ્યા છે. શ્રી જીતેન્દ્રભાઈ છેલ્લા ૬ વર્ષથી અમારી સંસ્થા સાથે સંકળાયેલા હતા, તેઓશ્રીએ સંસ્થાને જે સમય અને સેવા આપી છે તે બદલ સંસ્થા હંમેશા તેમના કાર્યોને યાદ કરશે.

શ્રી જીતેન્દ્રભાઈ દાલીયાના દુઃખદ સમાચાર માંથી સુરત ચેપ્ટર બહાર આવે ત્યાં બીજા દુઃખદ સમાચાર મળ્યા કે સુરતના ઉત્સાહી સ્વયંસેવક શ્રી ગીતેશભાઈ ચંદ્રવદન મોદી, કે જેઓને એક રોડ અકસ્માતમાં ગંભીર ઈજા પહોંચતા હોસ્પીટલમાં સારવાર દરમ્યાન ડોક્ટર દ્વારા બ્રેનડેડ જાહેર કરવામાં આવ્યા અને આવા કપરા સમયમાં પણ તેમના પરિવારે તેમના અંગોનુ દાન કરવાનો ઉમદા નિર્ણય લઈને સમાજને ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું. બીજાને "નવજીવન" આપવાનો નિર્ણય લેવા બદલ શ્રી ગીતેશભાઈના પરિવારને કોટિ કોટિ વંદન.

ભગવાન આ બંને પરોપકારી વ્યક્તિઓની દિવ્ય આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના.

શુભેચ્છાઓ સહ,

ત્રિલોક પરીખ

**ત્રિલોકભાઈ પરીખ**
**ચેરમેન**

# લોકજાગૃતિ કાર્યક્રમો અને નિદાન કેમ્પ

એક અંદાજ મુજબ આપણા દેશમાં દરવર્ષે ૨,૧૦,૦૦૦/– લોકો ક્રોનિક કિડની રોગનો ભોગ બને છે એટલે કે એક દિવસમાં ૫૭૫ દર્દીઓની કિડની નિષ્ફળ થતી હોય છે.

જેને ધ્યાનમાં રાખીને 'વિશ્વ કિડની દિવસ' ૨૦૨૧ ના રોજ સંસ્થા દ્વારા "મિશન ૫૭૫ – આપણે સૌ સાથે મળીને એક સ્વસ્થ ભાવિ તરફ આગળ વધીએ" મિશન શરૂ કર્યું હતુ. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારમાં મોટાભાગના લોકો બીપી અને ડાયાબિટીસ જેવી શારીરિક સમસ્યાઓને કારણે શરીરના અન્ય અંગો પર પડતી વિપરીત અસરોથી જાગૃત હોતા નથી. જેથી અમે આ મિશનને આગળ વધારવા ગ્રામીણ વિસ્તારોમાં બીપી અને ડાયાબિટીસથી પીડાતા દર્દીઓ માટે કિડની ચેકઅપ (Creatinine - Urine R & M) કેમ્પ અને જાગૃતિ કાર્યક્રમો કરીએ છીએ.

જેથી વહેલું નિદાન થવાથી તેમની સારવાર વહેલી તકે શરૂ કરી શકાય અને કિડની ખરાબ થતી અટકાવી શકાય.

"મિશન ૫૭૫ – આપણે સૌ સાથે મળીને એક સ્વસ્થ ભાવિ તરફ આગળ વધીએ" અંતર્ગત સંસ્થા દ્વારા કરવામાં આવેલ બીપી, ડાયાબિટીસ અને કિડની તપાસ (Creatinine - Urine R & M) કેમ્પમાં યોગ્ય સામાજિક અંતર રાખીને સરકારની ગાઈડલાઈનનુ ચુસ્તપણે પાલન કરવામાં આવ્યું હતું.

## આ સમય દરમિયાન કરવામાં આવેલ કિડની જાગૃતિ કાર્યક્રમો




પોસ્ટ કોવિડ સેન્ટર, રેડક્રોસ સોસાયટી ભાવનગર



પાનસર ગામ, તા. કલોલ, જી. ગાંધીનગર




રણુ ગામ, તા. પાદરા, જી. વડોદરા.



મોતીપુરા ગામ, તા. સાણંદ, જી. અમદાવાદ

## આ સમય દરમિયાન કરવામાં આવેલ બીપી, ડાયાબિટીસ અને કિડની તપાસ (Creatinine - Urine R & M) કેમ્પ.



જમિયતપુરા ગામ, તા.જી. ગાંધીનગર



મુજકુવા ગામ, તા. અંકલાવ, જી. આણંદ



અડાલજ ગામ, તા.જી. ગાંધીનગર



બોરિસણા ગામ, તા. કલોલ, જી. ગાંધીનગર



### બોરીસણામાં ડાયાબીટીસ ચેકઅપ કેમ્પ યોજાયો

ગાંધીનગર,મંગળવાર

ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા છેલ્લા ઘણા વર્ષથી કીડની અને કીડનીના રોગો અંગે લોકજાગૃતિ તથા દર્દીઓના પુનર્વસન, ચિકિત્સા તથા શિક્ષણ ક્ષેત્રમાં કામગીરી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત તાજેતરમાં કલોલ તાલુકાના બોરીસણા ખાતે ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. બીપી ત... ડાયાબીટીસથી પીડાતા દર્દી... માટે વિનામૂલ્યે કીડની ત... કરાઇ હતી.

કલોલ તાલુકાના ખાત્રજ ગામે આઈઆરએફ સંસ્થા દ્વારા વિનામૂલ્યે કિડની તપાસ તેમજ બીપી અને ડાયાબીટીસ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

### જમીયતપુરા ખાતે આજે નિઃશુલ્ક કિડની તપાસ કેમ્પ

ગાંધીનગર, સોમવાર

ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા તા.૧૫ જૂનના રોજ વિનામૂલ્યે કિડની તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ... બપોરે ૧ કલાક દરમિયા... પંચાયત ઓફિસ... હાઈબ્લડપ્રેશર અને ડાયાબીટીસથી પીડાતા દર્દીઓના કીડની તપાસ તેમજ બીપી તથા ડાયાબીટીસ ચેકઅપ કેમ્પ યોજાશે ...

કલોલ તાલુકાના બોરીસણા ખાતે બીપી અને ડાયાબીટીસ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

...રોગો અંગે લોકજાગૃતિ તેમજ દર્દીઓના પુનઃ વસનની કામગ... આઈ.આર.એફ. સંસ્થા દ્વારા ખોરજમાં કીડનીની તપાસ ત... ડાયાબીટીસ ચેકઅપ કેમ્પનું આયોજન કરાયું હતું.

Save a life
Sponsoring Renal Treatment

## નમસ્કાર!

મારું નામ ગણેશ રાજારામ પાટીલ છે. મારી ઉંમર 30 વર્ષની છે અને હું નવાગામ, સુરતનો રહેવાસી છુ. વર્ષ ૨૦૧૫ માં હું સુરતમાં એક ડાયમંડ કંપનીમાં કામ કરતો હતો તે દરમિયાન મને કિડની નિષ્ફળતાના લક્ષણો જણાતા  તાત્કાલિક સહારા દરવાજા ખાતે આવેલી સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો, જયાં ડોક્ટરની તપાસ અને  કિડનીના રિપોર્ટ પરથી તા. ૨૪,મે ૨૦૧૫ ના રોજ મારી કિડની નિષ્ફળ થયાનુ નિદાન કરવામાં આવ્યુ. ડોક્ટરે જણાવ્યુ કે હવે તમારે ડાયાલિસીસ કરાવવુ પડશે, ડાયાલિસીસ શબ્દ પહેલી વખત સાંભળ્યો હતો, ડાયાલિસીસની સારવાર માટે સૌ પ્રથમ લોહીને વધારે જથ્થામાં બહારકાઢવા માટે હાથમાં A.V.Fistula નુ ઓપરેશન કરાવવુ પડે છે જે કરાવી લીધુ હતુ પરંતુ તે લગભગ ૨૦૨૦ સુધી સારી રીતે ચાલ્યું ત્યાર પછી તે કામ કરતું બંધ થઈ ગયુ. આથી હું ખૂબ જ મુશ્કેલીમા મુકાઇ ગયો.



ગણેશ રાજારામ પાટીલ

શારીરિક તકલીફો ને કારણે ડોક્ટરે જણાવ્યું કે તમારુ બીજીવાર A.V.Fistula નુ ઓપરેશન થઈ શકશે નહી, આથી ડોક્ટરે મને પમ્પકેથનું ઓપરેશન કરાવવાની સલાહ આપી. સુરતની ઘણીબધી હોસ્પિટલમાં તપાસ કરતાં આ ઓપરેશન માટેનો ખર્ચ રૂ.  ૪૦,000/- નો થતો હતો જે મારા જેવા ગરીબ માણસને આર્થિક રીતે પોષાય તેમ ન હતો. મારી પાસે સારવારનો બીજો કોઈ વિકલ્પ ન હોવાને કારણે ૮ મહિના સુધી મારે DLC દ્વારા ગળેથી ડાયાલિસીસ કરાવવુ પડ્યુ જેમાં મને ખુબ તકલીફો ભોગવવી પડી.

ત્યારબાદ મારા મિત્ર દ્વારા ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન વિષે માહિતી મળતા મે સંસ્થાનો સંપર્ક કરી મારા પમ્પકેથના ઓપરેશનના ખર્ચ વિષેની વાત કરી, સંસ્થાના ઉપરી અધિકારી દ્વારા આ ખર્ચ આપવાનુ મને આશ્વાસન આપ્યું જેથી મને અને મારા પરિવારને ઘણી રાહત મળી. સંસ્થાએ બધી તપાસ કરતા અમદાવાદ સિવિલ કેમ્પસમા આવેલી IKDRC હોસ્પિટલમાં પમ્પકેથનુ ઓપરેશન રાહત દરે થતુ હોવાની મને જાણ કરી અને મે આ ઓપરેશન ત્યાં કરાવવાનો નિર્ણય લીધો જેનો ખર્ચ રૂ. ૧૫૦૦૦/- થયો. ઓપરેશનનો સંપૂર્ણ ખર્ચ ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવ્યો. હું ખરેખર હદયપૂર્વક ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનો આભાર માનુ છું કે સંસ્થાએ મને યોગ્ય સમયે મદદ કરી જેથી હું મારુ ઓપરેશન સમયપર કરાવી શક્યો. હાલમા હું સમયસર મારું ડાયાલિસીસ કરાવી શકુ છુ અને મારી તબિયત ઘણી સારી રહે છે.

ગણેશ પાટિલ જેવા ઘણા દર્દી મિત્રો છે જે અમારી સંસ્થા પાસે સારવાર માટે આર્થિક સહાય મળશે એવી આશા રાખીને આવે છે અને સંસ્થા શક્ય એટલી મદદ આવા દર્દીઓને કરે છે. સમાજના સેવાભાવી વ્યક્તિઓ  ગણેશ જેવા દર્દીઓને સારવાર માટે મદદ કરવા આગળ આવે અને ઉદાર હાથે સંસ્થા દ્વારા ચાલતા ‘સેવ અ લાઈફ’ કાર્યક્રમ અંતર્ગત દાન કરે એવી અમારી નમ્ર વિનંતી છે જેથી ગણેશ જેવા દર્દીઓનું જીવન બચાવી શકાય.


### સ્થાનિક સલાહકાર સમિતિ
### ગીર-સોમનાથ

૧. શ્રી  પ્રવિણભાઇ કે. લહેરી
૨. શ્રી  વિજયસિંહ ચાવડા
૩. શ્રી  જગમલભાઈ વાલા
૪. શ્રી  રમેશભાઈ ચોપડકર
૫. શ્રી જીતેન્દ્રભાઈ મહેતા
૬. શ્રી સુરેશભાઈ કંપાણી
૭. શ્રી ગિરીશભાઈ ઠક્કર
૮. ડો.શ્રી રાજુભાઈ ક્રિષ્નાની
૯. શ્રી તેજસભાઈ પંડ્યા
૧૦. શ્રી અરૂણકુમાર શર્મા


છેલ્લા એક વર્ષમાં ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા 'સેવ અ લાઈફ' કાર્યક્રમ અંતર્ગત જરૂરિયાતમંદ કિડનીના દર્દીઓ માટે રૂ.૧૫,૯૯,૪૯૨ ખર્ચ કરવામાં આવ્યા.

# જીવન લાંબુ નહી પણ પ્રેરણાત્મક હોવુ જોઈએ.


સ્વ. શ્રી ગીતેશભાઈ મોદી

અહીં વાત કરવી છે સ્વ. શ્રી ગીતેશભાઈ ચંદ્રવદન મોદીની. જેમના પિતાશ્રી ૨૦૦૬ મા કિડની નિષ્ફળતાના કારણે ડાયાલિસીસની સારવાર લેતા હતા તે દરમિયાન તેઓ ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનના સંપર્કમાં આવ્યા હતા. સંસ્થા દ્વારા કિડનીના દર્દીઓ માટે આયોજિત કરવામાં આવતા 'પ્રેરણા' કાર્યક્રમથી તેઓ પ્રભાવિત થયા હતા. અને સંસ્થામાં સ્વયંસેવક તરીકે જોડાવવાનો નિર્ણય લીધો હતો. ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા ચલાવવામાં આવતી દરેક પ્રવૃત્તિમાં તેઓ નિઃસ્વાર્થભાવે સક્રિય રહીને પોતાની સેવાઓ આપતા હતા.

તા. ૨૩ જૂન ૨૦૨૧, બુધવારનાં રોજ તેઓ સુરત રીંગ રોડ પર મોટરસાઇકલ લઈને પસાર થતા હતા ત્યાં અજાણ્યા વાહને તેમને ટક્કર મારતા તેઓ નીચે પટકાયા હતા જેથી તેમને વિનસ હોસ્પિટલ સુરત ખાતે દાખલ કરવામાં આવ્યા. થોડા દિવસની સારવાર બાદ તા.૨૭ જૂન ૨૦૨૧, રવિવારના રોજ તબીબો દ્વારા તેમને મગજથી મૃત જાહેર કરવામાં આવ્યા. આ કરુણઘટનાથી તેમના પરિવાર પર તો જાણે આભતુટી પડ્યું. આવી દુઃખદ પરિસ્થિતિમાં પણ તેમના પત્ની રિંકુબેન અને પરિવારના સભ્યોએ ગીતેશભાઈના અંગોદાન કરવાનો ઉમદા નિર્ણય લીધો. સમાજ ઉપયોગી આ નિર્ણય માટે ગીતેશભાઈના પરિવારના સભ્યોને કોટી કોટી વંદન.

જીવન લાંબુ નહિ પણ પ્રેરણાત્મક હોવું જોઈએ એ વાક્યને ગીતેશભાઈ સાચા અર્થમાં સાર્થક કરતા ગયા.

ઈશ્વર ગીતેશભાઈની દિવ્યઆત્માને શાંતિ આપે એવી પ્રાર્થના.

આપણા દેશમાં ઘણા બધા લોકો કિડની, લીવર, હૃદય, ફેફસા અને સ્વાદુપિંડ જેવા અંગો નિષ્ફળ જતા અસાધ્ય રોગથી પીડાતા હોય છે. જો તેમને સમયસર અંગોનું દાન મળે તો તેમને નવુ જીવન મળી શકે છે.

મગજના મૃત્યુ (બ્રેનડેથ) બાદ વ્યક્તિ અંગોનુ દાન કરી શકે છે, તેને કેડેવરીક ઓર્ગન ડોનેશન કહેવામા આવે છે પરંતુ આ રીતે થતા અંગદાન વિષે સમાજમાં જાગૃતિના અભાવને કારણે ભારત દેશમાં તેનું પ્રમાણ ખૂબ ઓછુ છે. તેને કારણે અંગદાન મેળવવા માટે દર્દીઓની યાદી બહુ લાંબી થતી જાય છે અને દર્દીઓને ખૂબ લાંબા સમય સુધી અંગદાન માટે પ્રતિક્ષા કરવી પડે છે.

સમાજમાં વધુને વધુ અંગદાન થાય તે માટે પ્રત્યેક નાગરિકે ગીતેશભાઈના પરિવારની જેમ મગજના મૃત્યુ બાદ અંગદાનનો નિર્ણય લઈ બીજાને જીવનદાન આપવા માટે આગળ આવવું જોઈએ.

ચાલો આપણે સૌ સમાજમાં મગજના મૃત્યુ પછી અંગદાન કરવામાં આવે તે માટે આ મહાઅભિયાનમાં સાથે જોડાઈએ અને તેને સફળ બનાવીએ.


સ્વ. શ્રી ગીતેશભાઈ મોદીના અંગદાન નો નિર્ણય લીધા બાદ ભાવુક થયેલ તેમના સ્વજનો.

# સંસ્થા દ્વારા અંગદાન વિષે જાગૃતિ લાવવાની પ્રવૃતિને બિરદાવતા ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ




ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ અને ગુજરાત રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવેની શુભેચ્છા મુલાકાત લેતા સંસ્થાના સલાહકાર સમિતિના સભ્ય શ્રી સુમિતભાઈ ઠક્કર અને સંસ્થાના કર્મચારી રોહિત ભંડેરી

તારીખ ૩ જુલાઇ ૨૦૨૧ ના રોજ ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ ભાવનગર જિલ્લાના પ્રવાસે હતા તે દરમિયાન અમારી ભાવનગર ખાતેની ટીમ દ્વારા તેમની શુભેચ્છા મુલાકાત લીધી હતી અને તેમને સંસ્થા દ્વારા મગજના મૃત્યુ (બ્રેનડેથ) બાદ થતા અંગદાન માટે સમાજમાં જે જાગૃતિ લાવવામાં આવે છે અને અંગદાન માટે જે રીતે લોકોને પ્રોત્સાહિત કરવામાં આવે છે તે વિષે વિસ્તૃત માહિતી આપી હતી અને તેઓશ્રીએ સંસ્થા દ્વારા કરવામાં આવતી આ સમાજ ઉપયોગી પ્રવૃતિના વખાણ કર્યા હતા અને તેને બિરદાવી હતી.

સંસ્થા 'જીવનદાન' કાર્યક્રમ અંતર્ગત મગજના મૃત્યુ (બ્રેનડેથ) બાદ થતા અંગદાન વિષે જાગૃતિ ફેલાવવાનું અને લોકોને અંગદાન વિષે પ્રોત્સાહિત કરવાનું કામ છેલ્લા ૧૬ વર્ષથી કરે છે.



સ્વ. શ્રી જીતેન્દ્રભાઈ દાલીયા

## શ્રી જીતેન્દ્રભાઈ દાલીયાને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

શ્રી જીતેન્દ્રભાઈ દાલીયા વર્ષ ૨૦૧૬ માં સંસ્થાના સુરત ચેપ્ટરમાં સલાહકાર સભ્ય તરીકે જોડાયા હતા. સંસ્થાની પ્રવૃતિઓને વેગ આપવા માટે તેઓ દરેક પ્રવૃતિમાં ઉત્સાહભેર રસ લેતા હતા. એપ્રિલ ૨૦૨૧ માં તેમનું નિધન થયું. જે અમારા માટે ખૂબ જ દુઃખદ સમાચાર હતા. તમામ ચેપ્ટરના સલાહકાર સમિતિના સભ્યો અને સંસ્થાના કર્મચારીઓ શ્રી જીતેન્દ્રભાઈ દાલીયા સાહેબને વિનમ્ર શ્રધ્ધાંજલિ પાઠવે છે. પ્રભુ એમના પરમ આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના.

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
**ભાવનગર ચેપ્ટર**

૧. શ્રી જનાર્દનભાઈ ભટ્ટ
૨. શ્રી સુનિલભાઈ વડોદરીયા
૩. શ્રી અશેષભાઈ ત્રિવેદી
૪. શ્રી ચેતનભાઈ કામદાર
૫. શ્રી રાજુભાઈ બક્ષી
૬. શ્રી મેહુલભાઈ પટેલ
૭. શ્રી સુમિતભાઈ ઠક્કર

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
**રાજકોટ ચેપ્ટર**

૧. શ્રી રમેશભાઈ પટેલ
૨. શ્રી ચંદુભાઈ વિરાણી
૩. શ્રી હરેશભાઈ વોરા
૪. શ્રી શંભુભાઈ પરસાણા
૫. ડો. સુધીર ભીમાણી
૬. ડો. કમલેશ જોષીપુરા
૭. શ્રી કિશોરભાઈ કોટક
૮. શ્રી મિત્તલભાઈ ખેતાણી
૯. શ્રી રજનીભાઈ પટેલ
૧૯. શ્રી રમેશભાઈ ઠક્કર
૧૯. શ્રી ડેનિશ આડેસરા

## હિંમતનગર, રાજકોટ અને ભાવનગર ખાતે વધુ સેવાભાવી મિત્રો અમારી સાથે જોડાયા.

અમે હિંમતનગર ખાતે એક સ્થાનિક સલાહકાર સમિતિ બનાવી છે જેમાં સાબરકાંઠા જિલ્લાના પરોપકારી અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓ અમારી સાથે આ સમિતિમાં જોડાયા છે.

આ ઉપરાંત, રાજકોટ અને ભાવનગર ખાતે પણ ત્રણ સેવાભાવી મિત્રોએ સ્થાનિક સલાહકાર સમિતિના સભ્ય તરીકે માનદ સેવા આપવાની તૈયારી દર્શાવી છે.

રાજકોટ ખાતે શ્રી રમેશભાઈ ઠક્કર અને શ્રી ડેનિશ આડેસરા તથા ભાવનગર ખાતે શ્રી સુમિતભાઈ એ. ઠક્કરને આવકારવામાં આવ્યા છે.

આ બધા જ સેવાભાવી મિત્રો સમાજસેવાની પ્રવૃતિઓ કરતી બીજી અન્ય સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા છે અમને ચોક્કસ વિશ્વાસ છે કે બીજી અન્ય સંસ્થાઓ સાથે સંકલન કરીને અમારી સંસ્થાની પ્રવૃતિઓને વેગ આપવામાં તેઓનું યોગદાન મહત્વનુ રહેશે. અને તેમના સામાજિક ક્ષેત્રે કામ કરવાના બહોળા અનુભવનો લાભ પણ અમારી સંસ્થાને મળશે. અમે આ બધા જ મિત્રોને હૃદયપૂર્વક આમંત્રિત કરીએ છીએ.

આમારી સાથે સલાહકાર સમિતિના સભ્ય તરીકે જોડાયેલા દરેક સેવાભાવી અને પરોપકારી વ્યક્તિઓના નામનો ઉલ્લેખ આ અંકમાં કરવામાં આવ્યો છે.

## ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા ક્રિષ્ના સાર્વજનિક હોસ્પિટલ હિંમતનગર ખાતે ચલાવવામાં આવતા ડાયાલિસીસ યુનિટમાં દર્દી મિત્રોને દાદર ચઠવામાં તકલીફ ના પડે તે માટે નવી લિફ્ટની સુવિધા ઉભી કરવામાં આવી.




લિફ્ટનું ઉદ્‌ઘાટન કરતા સ્થાનિક સલાહકાર સમિતિના સભ્ય શ્રી ગિરીશભાઈ ભાવસાર, શ્રી કુંજબિહારી પટેલ અને શ્રી ગોપાલસિંહ રાઠોડ

**"દેશના જાગૃત નાગરિક તરીકે આપણે સૌ કોરોના વાઈરસ સામે રક્ષણ આપતી રસી મુકાવીને દેશને ત્રીજી લહેર માંથી બચાવીએ" અને એક સ્વસ્થ ભારતનું નિર્માણ કરીએ.**

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
**મહેસાણા ચેપ્ટર**

૧. શ્રી શરદભાઈ શાહ
૨. શ્રી ચંદુભાઈ આઈ. પટેલ
૩. શ્રી અજીતભાઈ ટી. પટેલ
૪. શ્રી સુરેન્દ્રભાઈ બી. પરીખ
૫. ડો. શ્રી મુકેશભાઈ એમ. ચૌધરી
૬. ડો. શ્રી પી.ડી.પટેલ
૭. શ્રી સંદિપભાઈ શેઠ

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
**હિંમતનગર ચેપ્ટર**

૧. ડો. ચીમનભાઈ પટેલ
૨. શ્રી ચંદ્રકાંતભાઈ સી. શેઠ
૩. શ્રી ગિરીશભાઈ ભાવસાર
૪. શ્રી મહેન્દ્રસિંહ પી. ચૌહાણ
૫. શ્રી કુંજબિહારી જે. પટેલ
૬. શ્રી ગોપાલસિંહ એન. રાઠોડ
૭. શ્રી બાલકૃષ્ણ એમ. ઠક્કર
૮. ડૉ. કેવલભાઈ એમ. પટેલ

## આ ત્રિમાસિક ગાળા દરમિયાન મળેલ દાનની વિગતો

### મુખ્ય દાતાશ્રીઓ

| | |
|---|---|
| શ્રી પ્રમુખભાઈ ડી. પટેલ, ગાંધીનગર | રૂ. ૨,૫૦,૦૦૦/– |
| શ્રી નિમિતભાઈ પી. પટેલ, ગાંધીનગર | રૂ. ૨,૫૦,૦૦૦/– |
| શ્રી ગૌરાંગભાઈ ભટ્ટ, અમદાવાદ | રૂ. ૨૫,૦૦૦/– |

### Save a life (Sponsoring Renal Treatment) કાર્યક્રમના દતાશ્રીઓ

| | |
|---|---|
| શ્રી રશ્મિકાંતભાઈ જે. શાહ, અમદાવાદ | રૂ. ૯૬,૦૦૦/– |
| નારાયણ પાવરટેક પ્રા. લિ., વડોદરા | રૂ. ૯૦,૦૦૦/– |
| શ્રી સુનિલભાઈ આઈ. પટેલ, અમદાવાદ | રૂ. ૩,૦૦૦/– |

### આજીવન સભ્યપદ

| | |
|---|---|
| શ્રી કુંજબિહારી જે. પટેલ, હિંમતનગર | રૂ. ૫,૦૦૦/– |
| શ્રી ગોપાલસિંહ એમ. રાઠોડ, હિંમતનગર | રૂ. ૫,૦૦૦/– |
| શ્રી બાલકૃષ્ણ એમ. ઠક્કર, હિંમતનગર | રૂ. ૫,૦૦૦/– |
| ડૉ. કેવલભાઈ એમ. પટેલ, હિંમતનગર | રૂ. ૫,૦૦૦/– |

### ડોનર સભ્યપદ કાર્યક્રમ

| ક્રમ નં. | સભ્યપદના પ્રકાર | દાન રકમ |
|---|---|---|
| ૧. | વાર્ષિક મેમ્બર | રૂ. ૨૫૦ |
| ૨. | પાંચ વર્ષ મેમ્બર | રૂ. ૧,૦૦૦ |
| ૩. | દસ વર્ષ મેમ્બર | રૂ. ૨,૫૦૦ |
| ૫. | લાઈફ મેમ્બર | રૂ. ૫,૦૦૦ |
| ૬. | ગોલ્ડ મેમ્બર | રૂ. ૧૦,૦૦૦ |
| ૭. | પેટ્રોન મેમ્બર | રૂ. ૨૫,૦૦૦ |

**ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનને આપવામાં આવતુ દાન ઈન્કમ ટેક્સ, સેક્સન ૮૦ G હેઠળ ૫૦% કર રાહતને પાત્ર છે**

Oasis નો આ અંક સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. ના સહયોગથી પ્રકાશિત થયો છે.

iRf
ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન
B–૨૦૬, શપથ–૪, કર્ણાવતી કલબની સામે, સરખેજ–ગાંધીનગર હાઈવે, અમદાવાદ–૩૮૦૦૫૧. ફો. ૦૭૯ ૪૦૦૨ ૭૮૮૪
વડોદરા: ૯૨૨૭૧–૦૧૭૬૨ • સુરત: ૯૨૨૭૯–૨૧૦૬૧ • રાજકોટ: ૯૨૨૨૭૨–૫૧૫૮૫ • મહેસાણા: ૮૫૧૧૧–૧૪૨૫૬ • ભાવનગર: ૮૫૧૧૧–૧૪૨૫૭ • ભૂજ: ૮૫૧૧૧–૪૮૨૨૮ • હિંમતનગર: ૬૩૫૪૯–૧૭૬૬૭
e-mail: irf@indiarenalfoundation.org visit us at: www.indiarenalfoundation.org

All contributions to India Renal Foundation are 50% tax exempt u/s 80G